# સાબરકાંઠા બેંકમાં મેન્ડેટ વિરુદ્ધ ચુંટણી લડતા ૮ પક્ષના કાર્યકરો-આગેવાનોને ભાજપે સસ્પેન્ડ કર્યા

## ચૂંટણી દરમિયાન મેન્ડેટની ઉપરવટ જઈને ઝંપલાવનારા આગેવાનો પર જિલ્લા ભાજપ દ્વારા કાર્યવાહી

સાબરકાંઠા, તા.૧૫

સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની સામાન્ય ચૂંટણી રવિવારે યોજાનારી છે. આ પહેલા જ સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા ૮ કાર્યકરો અને હોદ્દેદારોને પક્ષમાં થી સસ્પેન્ડ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. બેંકની ચૂંટણી દરમિયાન મેન્ડેટની ઉપરવટ જઈને ચૂંટણીમાં ઝંપલાવનારા આગેવાનો પર જિલ્લા ભાજપ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લા ભાજ પ્રમુખે મેન્ડેટની ઉપરવટ જનારાઓને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે.પ્રદેશ ભાજપ દ્વારા સાબરકાંઠા બેંકના ડિરેક્ટર પદના ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવ્યા હતા. આમ છતાં કેટલાક ભાજપના કાર્યકરો દ્વારા ડિરેક્ટર પદ માટે ચુંટણીમાં ઉમેદવારી જારી રાખી હતી. આમ ઉમેદવારી ચાલુ રાખીને પક્ષના વિરુદ્ધમાં ગેરશિસ્ત દાખવવાને લઈ સક્રિય સભ્ય પદેથી સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. સક્રિય સભ્ય પદેથી કાર્યકરો અને હોદ્દેદારોને ૬ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.બેંકની ચૂંટણીને લઈ માહોલ છેલ્લા એક મહિનાથી ગરમાવા ભર્યો બન્યો છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લોકમાં સહકારી માળખાની ચૂંટણીને લઈ માહોલ ગરમાયો છે. ભાજપ દ્વાર ડિરેક્ટર પદે માટે મેન્ડેટ આપવામાં આવ્યા છે. જેમાંથી કેટલાક ઉમેદવારો પોતે ભાજપના કાર્યકર અને હોદ્દેદાર હોવા છતાં મેન્ડેટની વિરુદ્ધમાં જઈને ઉમેદવારી ચાલુ રાખી હતી. જેમાંથી સૌથી વધારે ઉમેદવારો જ્યોતિન્દ્ર રણછોડભાઈ પટેલ સામે ઉમેદવારી કરી હતી. જ્યોતિન્દ્ર પટેલ ઈડરના સાબલવાડના છે અને તેઓ દ્વારા બેંકમાં ચૂંટણીની ઉમેદવારી કરાતા પક્ષે મેન્ડેટ આપ્યુ હતુ. જોકે આ મેન્ડેટની વિરુદ્ધમાં અન્ય ૮ જેટલા ભાજપના જ આગેવાનોએ ઉમેદવારી ચાલુ રાખતા જ ભાજપના ઉમેદવાર માટે ચુંટણીના ચઢાણ કપરા બન્યા છે. આવી સ્થિતીમાં હવે ભાજપે આઠેય ઉમેદવારો ભાજપ પક્ષમાંથી દૂર કરવા માટે આદેશ કરાયો છે.

સસ્પેન્ડ કરાયેલ ભાજપના આગેવાનો

કનૈયાભાઈ ગોપાલભાઈ પટેલ, દાવડ, તા. ઈડર

ભીખાભાઈ વિરચંદભાઈ પટેલ, કાનપુર, તા. ઈડર

હેમંતભાઈ નચ્છાભાઈ પટેલ, જાદર, તા. ઈડર

સતિષ હીરાભાઈ પટેલ, મેસણ, તા. ઈડર

ભોગીભાઈ ગિરધરભાઈ પટેલ, બડોલી, તા. ઈડર

વિઠ્ઠલભાઈ છગનભાઈ પટેલ, ભુવેલ, તા. ઈડર

અશોકભાઈ રેવાભાઈ પટેલ, લાલપુર, તા. ઈડર

કાન્તિભાઈ મણીભાઈ પટેલ, સીંગા, તા. ઈડર

રવિવારે સવારે સાબરકાંઠા બેંકની ચુંટણી યોજાનાર છે. ૧૨ ડિરેક્ટરો બિનહરીફ થયા છે. જ્યારે ૬ જેટલા ડિરેક્ટરોના પદ માટે સવારે ૮ થી બપોરે ૩ કલાક સુધી મતદાન પ્રક્રિયા ચાલશે. ત્યાર બાદ મતગણતરી હાથ ધરવામાં આવશે.

# કચ્છમાં સતત બીજા દિવસે ભૂકંપના આંચકા અનુભવાયા

અમદાવાદ, તા.૧૫

ગુજરાતમાં ફરી એકવાર ધરા ધ્રૂજી છે, સળંગ બીજા દિવસે કચ્છમાં ભૂકંપના આંચકા આવતા લોકોમા ભયનો માહોલ ફેલાયો છે. આજે કચ્છના ખાવડાથી ૩૦ કિમી દૂર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો, આ આંચકાની તીવ્રતા ૩.૦ ની હોવાનું સામે આવ્યુ છે. અચાનક ફરી એકવાર ભૂકંપનો આંચકો આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે, રિપોર્ટ અનુસાર, કચ્છમાં આજે આવેલો ભૂકંપ કચ્છ પાકિસ્તાન સરહદ પર આવ્યો છે, જોકે, આ ભૂકંપની ઘટનામાં કોઇ જાનમાલને નુકસાન પહોંચ્યુ નથી. તાજા સમાચાર પ્રમાણે, ગઈ રાત્રે કચ્છમાં ભૂકંપ આવ્યાનો અહેવાલો મળી રહ્યાં હતા, ગઈકાલે રાત્રે કચ્છમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, આ આંચકો ૩.૦ ની તીવ્રતાનો હતો અને મોડી રાત્રે ૧૨.૧૬ કલાકની આજુબાજુ આવ્યો હોવાનું સામે આવ્યુ હતુ. ભૂકંપનું કેન્દ્ર બિન્દુ કચ્છના ખાવડાની નૉર્થ વેસ્ટમાં ૩૫ કિમી દુર નોંધાયુ હતુ. ખાસ વાત છે કે, કચ્છમાં અચાનક મોડી રાત્રે આવેલા ભૂકંપના આંચકાથી લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. તાજેતરના તુર્કી અને સીરિયામાં આવેલા ભૂકંપથી ભારે તબાહી સર્જાઈ હતી. હજારો લોકોએ જીવ ગુમાવ્યા અને લાખો લોકો બેઘર બન્યા. તે જ સમયે, ભારતમાં પણ આવા જ ભૂકંપનો ખતરો તોળાઈ રહ્યો છે. એક અગ્રણી હવામાનશાસ્ત્રી અને ભૂસ્તરશાસ્ત્રીએ ચેતવણી આપી છે કે ભારતીય ટેક્ટોનિક પ્લેટ દર વર્ષે લગભગ ૫ સે.મી. આગળ વધી રહી છે.

# સૌરાષ્ટ્ર, દ. ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા

## રાજ્યમાં ૧૮ જુલાઈ બાદ વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થશે : ૧૭ અને ૧૮ જુલાઈએ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના, ગુજરાતમાં ફરી એક વરસાદી સિસ્ટમ સક્રિય થતાં વરસાદી માહોલ બની રહ્યો છે

અમદાવાદ, તા.૧૫

રાજ્યમાં ૧૮ જુલાઈ બાદ વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના રહેલી છે. આ સાથે આગામી તા. ૧૭ અને ૧૮ જુલાઈએ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં વરસાદે બે દિવસનો વિરામ લીધા બાદ આગામી બે દિવસ બાદ ફરી એકવાર વરસાદ થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જેમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી તા. ૧૭ જુલાઈ બાદ સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદની સંભાવના છે. ગુજરાતમાં વરસાદને લઈને હવામાન વિભાગ દ્વારા ત્રીજા રાઉન્ડની આગાહી કરવામાં આવી છે. તો આ બાજુ દરિયાકાંઠાના વિસ્તારમાં ૧૭ જુલાઇ બાદ ભારે વરસાદ થઈ શકે છે. ગુજરાતમાં ફરી એક વરસાદી સિસ્ટમ સક્રિય થતાં વરસાદી માહોલ બની રહ્યો છે. જેમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમા ફરી એકવાર મેધરાજાની તોફાની બેટિંગ શરુ થાય તેવુ અનુમાન કરવામાં આવ્યું છે. અમદાવાદમાં વાદળછાયા વાતાવરણ સાથે છૂટછવાયો વરસાદ થાય તેવી સંભાવના રહેલી છે.

રાજ્યમાં વરસાદને લઈને હવામાન વિભાગની આગાહી પ્રમાણે ખાસ કરીને આગામી તા. ૧૮ જુલાઈ બાદ વરસાદનું જોર વધવાની શકયતા છે. આ દિવસોમાં સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં થવાની સંભાવના રહેલી છે. આ ઉપરાંત ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, અને દાહોદ તથા સૌરાષ્ટ્રના જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં પણ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના અહેવાલ પ્રમાણે રાજ્યમાં અત્યાર સુધીમાં ચોમાસાની સિઝનનો ૪૯.૨૧ ટકા વરસાદ થઈ ચુક્યો છે. કચ્છમાં સૌથી વધુ ૧૧૨, તો સૌરાષ્ટ્રમાં ૬૬.૪૮ ટકા વરસાદ થયો છે. ઉત્તર ગુજરાતમાં ૫૦, દક્ષિણ ગુજરાતમાં ૪૦ ટકા વરસાદ થઈ ચુક્યો છે. તેમજ મધ્ય ગુજરાતમાં ૩૬ ટકાથી વધુ વરસાદ વરસ્યો હોવાનો અહેવાલ છે.

રાજ્યમાં પહેલા અને બીજા રાઉન્ડમાં સારો વરસાદ થતા રાજ્યના કુલ ૨૦૭ પૈકી ૭૫ જળાશયો હાઈએલર્ટ પર આવી ગયા છે. ગુજરાતમાં સારા વરસાદને પગલે સૌરાષ્ટ્રના ૨૧, કચ્છના ૮ જળાશયો ઓવર ફ્લો થયા છે.

આ ઉપરાંત દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ એક એક જળાશય ઓવરફ્લો થઈ ચૂક્યાં છે. હાલમાં રાજ્યના ૧૫ જળાશયો એલર્ટ પર છે. ૧૯ જળાશયો વૉર્નિંગ પર છે. રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ ૫૦.૩૭ ટકા જળસંગ્રહ છે.

# ગિરનારની ૧૧૪ કરોડની વિકાસ યોજનાને મંજૂરી આપતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સુપ્રસિદ્ધ પ્રવાસન અને તીર્થસ્થાન ગરવા ગઢ ગિરનારના વિવિધ વિકાસ કામો માટેની રૂપિયા ૧૧૪ કરોડની વિકાસ યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આ વિકાસ કામો અંતર્ગત ભવનાથ તળેટીનો વિકાસ તેમજ તળેટીથી લઈને ગોરખનાથ અને દત્તાત્રેયની ટૂંક સુધીના વિકાસ કાર્યો હાથ ધરાશે. એટલું જ નહીં, યાત્રાધામ પાવાગઢની પેટર્ન પર જ બંને તરફ પાથ-વે ૩મીટર પહોળો કરીને નવા જ પગથિયાનું વિસ્તૃતિકરણ કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ સૈદ્ધાંતિક મંજૂરી તેમણે આપી છે. પ્રવાસન મંત્રીશ્રી મૂળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં ગિરનાર પર્વત પર તળેટીથી દત્તાત્રેય ટૂંક સુધી સમગ્ર પાયાની સુવિધાઓ ઉભી કરવા તેમજ ગિરનાર પર પાણી, વીજળીની વ્યવસ્થા હાથ ધરવા પણ આ વિકાસ યોજના અન્વયે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી સમક્ષ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા એવી દરખાસ્ત પણ રજુ કરવામાં આવી હતી કે રાજ્યના નાના-મોટા કુલ ૨૨ જેટલા તીર્થધામોમાં કુલ ૪૮ કરોડ રૂપિયાના ખર્ચે જીર્ણોદ્ધાર, મરામત અને પાયાની સુવિધાના વિકાસ કામો હાથ ધરવામાં આવે.

# પંચમહાલમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ

## પાવાગઢના આહલાદ્‌ક દ્રશ્યો થયા વાયરલ

હાલોલ, તા.૧૫

પંચમહાલમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. યાત્રાધામ પાવાગઢના ડુંગર વિસ્તારમાં પણ ધોધમાર વરસાદ વરસતા લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. ત્યારે વરસતા વરસાદમાં પાવાગઢ પર્વતને માણવાનો એક અલગ જ લહાવો લોકોને મળ્યા છે. ડુંગરના પગથિયાઓ ઉપરથી વરસાદી પાણીની વહેતી ધારાઓ ઘણી જ સુંદર લાગે છે. ત્યારે આ અંગેનો વીડિયો પણ હાલ સોશિયલ મીડિયામાં ઘણો જ વાયરલ થયો છે. જોકે બીજી બાજુ આ ધોધમાર વરસાદને કારણે રોપ વે બંધ કરવાની ફરજ પડી હતી. તે છતાં ભક્તો વરસતા વરસાદમાં પણ માના દર્શન માટે પગથિયા ચઢીને જતા જોવા મળ્યા હતા. પંચમહાલ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. હાલોલ તાલુકાના યાત્રાધામ પાવાગઢ ખાતે ચોમાસુ શરૂ થતાં જ મનમોહક દ્રશ્યો સર્જાયા છે. શુક્રવારે ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસતાં સલામતીના ભાગરૂપે રોપવે સેવા બંધ કરવાની ફરજ પડી હતી. જયારે વરસાદના પગલે પાણી પગથિયા ઉપર પડતાં યાત્રિકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. પાવાગઢમાં ધોધમાર વરસાદને કારણે મંદિરના પગથિયા પરથી ભારે પાણીનો પ્રવાહ વહેતો થતા યાત્રાળુઓને ચડવા ઉતરવામાં ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો. પાવાગઢમાં ધોધમાર વરસાદ થતા પાવાગઢના પગથિયાં પર પાણી વહેતા પાણીના અદભૂત ધોધના દ્રશ્યો સાથે રમણીય નજારો સર્જાયો હતો.વરસાદને કારણે રોપવે સેવા બંધ થતાં માઈ ભક્તોએ પગથિયાં ચડીને દર્શન કરવા પડયા હતાં. ધોધમાર વરસાદને લઈ પગથિયાં પરથી નીચે તરફ ભારે વેગથી પાણી વહેતા ડુંગર પર ચડતા દર્શનાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# ગેરહાજર રહેતા તલાટીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે

## અધિકારીઓએ મુલાકાત દરમિયાન તલાટી ગેરહાજર હોય તો તાકીદ કરી રજા કપાત કરવા પણ સૂચના આપી છે

ગાંધીનગર, તા.૧૫

ગેરહાજર રહેતા તલાટીઓને લઈ કાર્યવાહી માટે કમિશ્નરે પરિપત્ર બહાર પાડ્યો છે. અત્રે જણાવીએ કે, તલાટી કમ મંત્રી હાજર ન રહેતા હોવાની વિભાગને ફરિયાદો મળી હતી જેમની હાજરીને લઈને વિકાસ કમિશ્નરે પરિપત્ર જાહેર કર્યો છે કે, રજા પર જતાં પહેલાં તાલુકા વિકાસ અધિકારીની પૂર્વ મંજૂરી લેવી જરૂરી છે.

એક કરતાં વધુ ગામો ફાળવેલ હોય તો ગામો વચ્ચે સરખા દિવસો વહેંચીને હાજર રહેવા સૂચના આપી છે તેમજ તાલુકા વિકાસ અધિકારી અને વિસ્તરણ અધિકારીને ગામની આકસ્મિક મુલાકાત લેવા સૂચના આપી છે.

અધિકારીઓએ મુલાકાત દરમિયાન તલાટી ગેરહાજર હોય તો તાકીદ કરી રજા કપાત કરવા પણ સૂચના આપી છે. રજા જમા ન હોય તો બિન પગારી રજા ગણવા માટેની પણ કડક સૂચના આપવામાં આવી છે. બીજી વખત ગેરહાજરીની ઘટનામાં કારણદર્શક નોટિસ આપી શિષ્ટ વિષયક કાર્યવાહી કરવા પણ સૂચના આપી છે.

તલાટી કમ મંત્રી ગેર હાજર રહેતા હોવાની ફરિયાદો મળતા જે અનુસંધાને કડક કાર્યવાહી કરવા માટે કમિશ્નરે પરિપત્ર બહાર પાડ્યું છે.

તેમજ જે મામલે કારણદર્શક નોટિસ આપી શિષ્ટ વિષયક કાર્યવાહી કરવા પણ સૂચના આપી છે. તેમજ તાલુકા વિકાસ અધિકારીની પૂર્વ મંજૂરી લેવા પણ પરિપત્રમાં ઉલ્લેખ કર્યો છે.

# ગૃહરાજ્યમંત્રી સંઘવીનું નામ આપી રૌફ જમાવતા નકલી પીએની ધરપકડ

રાજકોટ, તા.૧૫

રાજકોટનાં ગીર સોમનાથમાંથી એલસીબીની ટીમે ગૃહમંત્રી હર્ષ સંઘવીનાં નકલી PAની ધરપકડ કરી છે. ત્યારે પોલીસનાં હાથે ઝડપાયેલો શખ્સ ગૃહમંત્રીનાં PA તરીકે રોફ જમાવતો હતો. ગૃહમંત્રીની ખોટી ઓળખ આપી લોકો પાસે જઈ રોફ જમાવતો હતો. તેમજ ટ્રૂ કોલરમાં ગૃહમંત્રીનો ફોટો અને PA તરીકે લોકો પર રોફ જમાવતો હતો. ગીર સોમનાથ એલસીબીની ટીમે આરોપીને પકડી તેને પૂછતા તેણે તેનું નામ જગદીશ નંદાણીયા જણાવ્યું હતું. ત્યારે પોલીસે તેની ધરપકડ કરી આગળની કાર્યવાહિ હાથ ધરી છે.

થોડા મહિના અગાઉ જમ્મુ કાશ્મીરમાંથી PMO નાં ઉચ્ચ અધિકારીની ખોટી ઓળખાણ આપી ફરતો કિરણ પટેલ ઝડપાયો હતો. જે બાદ વડોદરાનાં વાઘોડિયામાંથી પણ નકલી સરકારી અધિકારી ઝડપાયો હતો. PMo ઓફિસમાં કામ કરતો હોવાનું કહી લોકો પર રોફ જમાવતા શખ્સની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. તેમજ રાજકોટમાંથી પણ નકલી પોલીસ અધિકારીની ઓળખ આપી રોફ જમાવતો શખ્શ ઝડપાયો હતો.

અને રાજકોટમાં તો એક શખ્શે બોટાદમાં ડે. કલેક્ટર તેમજ IB માં ડેપ્યુટી ડાયરેક્ટર તરીકેની ઓળખાણ આપી છેંતરપીંડી આચરી હતી. જે બાદ ગીર સોમનાથમાં ગૃહમંત્રીનાં PA તરીકે ઓખળાણ આપી રોફ જમાવતા શખ્સની પોલીસે ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

## કરાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આભાર માનું છું. દરેક ભારતીય તમને સાચા મિત્ર તરીકે જુએ છે.

તેમણે કહ્યું કે અમે અમારી ભાગીદારીને મજબૂત કરવા માટે નવી પહેલ કરી રહ્યા છીએ. બંને દેશોની કરન્સીમાં વેપાર કરાર અંગેનો આજનો કરાર આપણા મજબૂત આર્થિક સહયોગ અને વિશ્વાસને દર્શાવે છે.

આઈઆઈટીદિલ્હી તેના અબુ ધાબી કેમ્પસમાં જાન્યુઆરી ૨૦૨૪ થી માસ્ટર્સ અને આવતા વર્ષે સપ્ટેમ્બરથી બેચલર્સ શરૂ કરશે. ભારતના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે આઈઆઈટીદિલ્હીનું અબુ ધાબી કેમ્પસ પરસ્પર સમૃદ્ધિ અને વૈશ્વિક સારા માટે જ્ઞાનની શક્તિનો ઉપયોગ કરવા માટે એક બ્લુપ્રિન્ટ સેટ કરશે.

વડા પ્રધાન મોદીએ ૨૦૧૫ પછી ખાડી દેશની તેમની પાંચમી મુલાકાત દરમિયાન યુએઈના પ્રમુખ અને અબુ ધાબીના શાસક શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે વાતચીત કરી હતી. તે અગાઉ ૨૦૧૫, ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૨માં આરબ દેશની મુલાકાતે ગયા હતા.

નોંધનીય છે કે ભારતીય વડાપ્રધાન ફ્રાન્સની બે દિવસીય મુલાકાત બાદ યુએઈપહોંચી ગયા છે. યુએઈની મુલાકાતે જતા પહેલા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે તેઓ તેમના મિત્ર શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનને મળવા માટે ઉત્સુક છે.

તેમણે કહ્યું હતું કે બંને દેશો વેપાર, રોકાણ, ઊર્જા, ખાદ્ય સુરક્ષા, વિજ્ઞાન અને ટેક્નોલોજી, શિક્ષણ, ફિનટેક, સંરક્ષણ, સુરક્ષા અને મજબૂત લોકો-થી-લોકો સંબંધો જેવા વિશાળ ક્ષેત્રોમાં સક્રિય છે.

## એશિયન ગેમ્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. મુખ્ય ટીમના કેટલાક સભ્યો જેમ કે અર્શદીપ સિંહ, દીપક હુડાને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. એશિયન ગેમ્સમાં ભાગ લેનાર ભારતીય ટીમમાં મોટા ભાગના યુવા ખેલાડીઓ છે. જેના પરથી કહી શકાય છે કે પસંદગીકારોએ ટીમના યુવા ખેલાડીઓ પર સંપૂર્ણ દાવ લગાવ્યો છે.

ભારતીય ક્રિકેટ ટીમ : ઋતુરાજ ગાયકવાડ (કે), યશસ્વી જયસ્વાલ, રાહુલ ત્રિપાઠી, તિલક વર્મા, રિંકુ સિંહ, જીતેશ શર્મા (વિ), વૉશિંગ્ટન સુંદર, શાહબાઝ અહેમદ, રવિ બિશ્નોઈ, આવેશ ખાન, અર્શદીપ સિંહ, મુકેશ કુમાર, શિવમ માવી, શિવમ દુબે, પ્રભસિમરન સિંહ (વિકી), સ્ટેન્ડ બાયઃ યશ ઠાકુર, સાંઈ કિશોર, વેંકટેશ અય્યર, દીપક હુડા, સાઈ સુદર્શન

## બચાવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને મોબાઈલ સેવાઓ અસ્થાયી રૂપે પુનઃસ્થાપિત કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, બાકીના વિસ્તારોમાં વહેલી તકે આવશ્યક સેવાઓ પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે સફળતાપૂર્વક બચાવ કામગીરી હાથ ધરવા બદલ એનડીઆરએફ અને ભારતીય સેનાની વિવિધ એજન્સીઓની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ દુર્ઘટના ખૂબ મોટી છે અને પૂરને કારણે અંદાજે ૮,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

## ફેન્સીંગની...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી દીધી છે. જેમાં જ માર્ગ પર જ-૨ થી સર્કીટ હાઉસ તરફ , ચ-૫ થી ચ-૬ , રોડ નં -૬ ખ- ૬ થી ચ -૬ તેમજ ખ- ૫ થી ખ-૭ વચ્ચેના રૂટમાં પણ ફેન્સીંગની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે જ- ૩ થી છ- ૩ વચ્ચેના રૂટમાં ફેન્સીંગનુ કામ ચાલુ છે. નવા વાવેતરના અંતે વન આરક્ષિત વિસ્તારમાં રોપાઓની યોગ્ય જાળવણી અને ઉછેર માટે ફેન્સીંગની કામગીરી પણ સાથો સાથ કરી દેવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૩૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે હજુ શહેરના મુખ્યમાર્ગો પર બાકી રહેતા અલબત્ત શહેરના ઉભા અને આડા માર્ગો જેમાં મુખ્યત્વે ઘ, ગ અને ક માર્ગને અનુલક્ષીને પણ ફેન્સીંગનુ જરૂરી કામ કરવામાં આવશે વનતંત્રએ આ માટે ખર્ચની મંજુરી અર્થે વિભાગને દરખાસ્ત પણ કરી છે જેના અંતે ટુંકમાં ફેન્સીંગનુ કામ પણ હાથ ધરવામાં આવશે.

## નવો બોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રભાવિત થયો હતો જો કે નવુ ટ્રાન્સફર્મર નાંખવામાં આવતા હવે આ સમસ્યાનો અંત આવ્યો છે. પરંતુ હાલની સ્થિતિએ સે- ૧ અને સે- ૭ માં છેલ્લા ચાર મહીનાથી સેકટરનો બોર ખરાબ થઈ ગયો છે. જેના લીધે નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણીનો સપ્લાય આપવામાં મુશ્કેલી પડી રહી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા સે- ૧ અને સે- ૭ માં પાણીનો નવો બોર બનાવવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૫૦ લાખનો ખર્ચ થાય તેમ છે. જો કે આ દરખાસ્તને મંજુરી આપવામાં આવ્યા બાદ નવો બાર બનાવાની કામગીરી હાથ ધરવામાં આવશે જેના અંતે સેકટરોમાં પાણીનો ફોર્સ પણ વધશે.

## દર્શન કર્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભૂપેન્દ્ર પટેલનો જન્મ ૧૫ જુલાઈ ૧૯૬૨માં અમદાવાદમાં થયો હતો. ભૂપેન્દ્ર પટેલે સિવિલ એન્જિનિયરમાં ડિપ્લોમાનો અભ્યાસ કર્યો છે. તે વ્યવસાયે બિલ્ડર છે. આ સાથે જ સરદાર ધામ અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ટ્રસ્ટી પણ છે. હાલ ઘાટલોડિયા વિધાનસભાના ધારાસભ્ય છે. ભૂપેન્દ્ર પટેલ રાજ્યના પૂર્વ સીએમ આનંદીબેન પટેલના નજીકના માનવામાં આવે છે. તેઓ વિસ્તારના સ્થાનિક રાજકારણમાંથી કોર્પોરેશન અને ત્યાર બાદ ૨૦૧૭ની વિધાનસભા ચુંટણીમાં ઘાટલોડિયાના ધારાસભ્ય બનનારા ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના ૧૭માં નવા સીએમ બન્યા છે.

## એપોલો સર્કલ પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. એપોલો સર્કલ પર તૈયાર થતા આ બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૧૦૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ ઠેકાણે વૈષ્ણોદેવી સર્કલની જેમ નીચેથી અન્ડર પાસ આપવામાં આવશે. જયારે બ્રિજ વચ્ચેનો ૨૦૦ મીટરનો સ્લેબ કેબલના આધારે રહેશે. જેની કામગીરી પણ ટુંક સમયમાં શરૂ થશે. કેબલ સ્ટેઈડ બ્રિજને અનુલક્ષી અત્યાર સુધી ૫૭ ટકા જેટલુ કામ થઈ ગયુ છે. જયારે બ્રિજ નિર્માણની બાકી કામગીરી આગામી ફેબ્રઆરી ૨૦૨૪ સુધીમાં પુર્ણ કરી દેવાશે. આ ઠેકાણે બ્રિજ તૈયાર થતા રીંગ રોડના ટ્રાફિકને સીટીનો ટ્રાફિક અડચણરૂપ થશે નહીં. અલબત્ત કોર્મશિયલ ટ્રાફિક પણ અલગ ટ્રેક પર દોડશે તેમ બે રસ્તા અલગ થઈ જશે.

## મોરપીંછના રંગ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

"બાલવાટિકા" કેંદ્રો શરું કર્યા છે. જેમાં બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા અક્ષરજ્ઞાન આપવામાં આવશે. જે ખાનગી સ્કૂલો જુનિયાર/સિનિયર કે.જી.ના નામે બાળકોને સાચવવાના ૪૦/૫૦ હજારથી લાખેક રૂપિયા વાલીઓ પાસેથી કમાતી હતી. પરંતુ આ બાલવાટિકામાં સરકાર દ્વારા બિલકુલ ફીમાં નાના બાળકોને શિક્ષણ સાથે બુદ્ધિ વિકાસની પ્રવૃત્તિઓ કરવા મળે છે.

બાળકોમાં અને શિક્ષકોમાં સર્જનાત્મક, કાલ્પનિક અને સાહિત્યિક સંવેદનાઓનો વિકાસ થાય એ હેતુથી મંડળ દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી "બાલસૃષ્ટિ" નામનું એક સાહિત્યિક બાળ સામયિક પણ દર મહિને પ્રકાશિત કરવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને બાળ સાહિત્ય લખતા સૌ કોઈ કવિ લેખકોની કલમે લખાયેલ બાળકવિતા, બાળવાર્તા કે જોડકણાં કે બાળગમ્મત કૉયડા ચિત્રો દ્વારા રંગીન પૃષ્ઠોમાં પ્રકાશિત કરીને સમગ્ર ગુજરાતની શાળાઓમાં મોકલવામાં આવે છે.

આમ આ રીતે જોઈએ તો આ પાઠ્યપુસ્તક મંડળ આખા ગુજરાતની સરકારી અને ખાનગી મળીને ૫૫/૫૬ હજાર શાળાઓને દર વર્ષે તમામ ધોરણોના અભ્યાસક્રમના પુસ્તકો પુરા પાડવા અને સતત નવા પાઠ્યક્રમોનું નિર્માણ કરવું, પ્રકાશિત કરવા, વિતરણ કરવા.... આ એક આખું વિશાળ કૉર્પોરેટ હાઉસ ચલાવવા જેવું કપરું કાર્ય છે. એમાં પડકારો અને વિઘ્નો તો આવવાના જ. છતાંય અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં ખુબ જ સારી રીતે એનું સંચાલન થઈ રહ્યું છે. કોઈપણ સિસ્ટમની, વ્યવસ્થાની, સંચાલનની ટીકા કરવી સહેલી છે. કેમ કે ટીકા-ટિપ્પણી હંમેશાં અફવાઓથી અથવા સાંભળેલી વાતો ઉપરથી કરી શકાય છે જ્યારે સારા અને સાચા કામની સાચી પ્રસંશા કરવા માટે આખી સિસ્ટમનું જ્ઞાન અને માહિતી મેળવવી પડે છે. અને એ માટે સકારાત્મક અભિગમ પણ હોવો જરૂરી છે.

- 9426060601.india@gmail.com

# રણજીત સાગર ડેમમાં નવા નીરની ભરપૂર આવક

જામનગર, તા.૧૫

હાલાર પંથકમાં આ વખતે ધોધમાર વરસાદને કારણે જળાશયો છલોછલ ભરાઈ ગયા છે. જેમાં રજવાડા વખતો રણજીત સાગર ડેમ પણ પ્રથમ વરસાદે ભરાઈ જતાં જામનગરવાસીઓમાં હરખની હેલી જોવા મળી રહી છે. જામનગર શહેરની ૨૦થી ૨૫ ટકા પાણીની જરૂરિયાત આ ડેમ પૂરો પાડે છે, ઉલ્લેખનીય છે કે, જામનગરની જીવાદોરી સમાન રણજીત સાગર ડેમ પણ છલકાઈ જતા શહેરવાસીઓમાં અનોખી ખુશી જોવા મળી છે. રણજીત સાગર એક ડેમ હોવાની સાથે સાથે જામનગરના જાણીતા પ્રવાસન સ્થળોમાંથી એક છે. અહીં ચોમાસા દરમિયાન પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠે છે. શહેરના લોકો ખાસ રણજીત સાગર ડેમ માત્ર ફરવા આવે છે. વિકેન્ડમાં પિકનિક માટે આ સ્થળ ખુબ જ બેસ્ટ હોવાનું શહેરવાસીઓ જણાવે છે. ત્યારે આ ડેમમાં શું શું જોવા જેવું છે જાણીશું. જામનગરની ભાગોળે આવેલા રણજીત સાગર ડેમમાં પાણીની સ્થિતિ અંગે માહિતી આપતા મહાનગરપાલિકાના કમિશનરે જણાવ્યું કે, પ્રથમ વરસાદમાં જ રણજીત સાગર ડેમ છલકાઈ જતા શહેરવાસીઓની પાણીની સમસ્યાનો ઉકેલ આવી ગયો છે.